# મને વ્હાલામાં વહાલું લાગે મહાવીરનું નામ

મને વ્હાલામાં વહાલું લાગે મહાવીરનું નામ (૪)

એને ગાતાં ગાતાં (૨) મળે છે મોક્ષનું ધામ

એને ગાતાં ગાતાં મળે છે મોક્ષનું ધામ

મને વ્હાલામાં વહાલું લાગે મહાવીરનું નામ

જુઠી છે આ જગની સૌ આશા (૨)

પળ પળ મનમાં થાયે નિરાશા (૨)

મને દુનિયાના (૨) લોકોનું નહિ કોઈ કામ

મને દુનિયાના લોકોનું નહિ કોઈ કામ

મને વ્હાલામાં વહાલું લાગે મહાવીરનું નામ (૨)

અંતર કેરા તારે તારું નામ ગજાવું (૨)

સંદેશો તારો જગને સંભળાવું (૨)

સૌ જીવોને (૨) મળજો મોક્ષનું ધામ

સૌ જીવોને મળજો મોક્ષનું ધામ

મને વ્હાલામાં વહાલું લાગે મહાવીરનું નામ (૨)

ભક્તો કંઈ તરી ગયા તારા નામે (૨)

પાપી થાતાં પુણ્યશાળી તારા નામે (૨)

પાવનકારી છે (૨) પ્યારું મહાવીરનું નામ

પાવનકારી છે પ્યારું મહાવીરનું નામ

મને વ્હાલામાં વહાલું લાગે મહાવીરનું નામ (૪)

એને ગાતાં ગાતાં (૨) મળે છે મોક્ષનું ધામ

એને ગાતાં ગાતાં મળે છે મોક્ષનું ધામ

મને વ્હાલામાં વહાલું લાગે મહાવીરનું નામ (૪)